# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૧ રાષ્ટ્રીય પક્ષો

**૪૪ ચૂંટણી આયોગમાં નોંધાયેલા પક્ષો વચ્ચે જંગ : ગાંધીનગરમાં ૩ રાજકીય પક્ષો; સાબરકાંઠામાં ૧, મહેસાણામાં ૧ રજીસ્ટર્ડ પાર્ટીઓ છે : સૌથી વધુ અમદાવાદમાં પક્ષોના નામ પણ તમે સાંભળીને ચોંકી જશો**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજનું અમલીકરણ આખા દેશમાં વખણાયુ છે. આ પંચાયતી રાજની ચૂંટણી માટેની તૈયારીમાં રાજ્યભરનું તંત્ર વ્યસ્ત બની ગયુ છે. આદર્શ આચાર સંહિતાનો અમલ પણ શરૂ થઈ ગયો છે.

આ ત્રિસ્તરીય પંચાયતી રાજમાં તાલુકા-જિલ્લા અને ન.પા. મનપામાં ચૂંટણી પક્ષના સિમ્બોલ આધારિત લડાતી હોય છે. આનાથી

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



રાજ્યમાં રાજકીય માહોલ અત્યારે ગરમાવો અનુભવી રહ્યો છે.

આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વિશેની કેટલીક રસપ્રદ માહિતી આ સાથે રજુ કરવાનો પ્રયાસ છે. ખૂબ ઓછા માર્જિનથી આ વિજય થતો હોવાથી તેની રોચકતા પણ વધુ છે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી અંગેની કવાયતો રાજકીય પક્ષો દ્વારા ચાલી રહી છે. ત્યારે સ્વાભાવિક પ્રશ્નો થાય કે આ ચૂંટણી જંગ કેવો હશે. રાજકીય પંડિતોના કહેવા પ્રમાણે આ જંગ બહુકોણીય બનશે.

રાજ્યમાં આ ચૂંટણી માટે ૧૧ રાષ્ટ્રીય પક્ષો અને રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષો કે જેની સંખ્યા ૪૧ છે તેના ઉમેદવારો ચૂંટણી જંગ લડવા જઈ રહ્યા છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષોના ચિહ્ન પણ નિયત થયેલા છે.

રાષ્ટ્રીય પક્ષો અને રાજ્યના અમાન્ય રાજકીય પક્ષો તેમજ અપક્ષો વચ્ચેનો આ જંગ છે.

રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ જે અમાન્ય રાજકીય પક્ષોની નોંધણી થઈ છે તેમાં ત્રણ રાજકીય પક્ષો તો ગાંધીનગરના છે. ભારતીય નેશનલ જનતાદળ જેનુ સરનામુ મેઘમલ્હાર કોમ્પલેક્ષ સાતમે માળે દર્શાવવામાં આવ્યુ છે અને તેનું નિશાન નાળિયેરી ફાર્મ છે.

બીજો રાજકીય પક્ષ લોક વિકાસ મંચ છે તેનુ નિશાન હાથબત્તી છે અને તેનું સરનામુ પ્લોટ નં. ૨૧૫/૧ સૂર્યનારાયણ સોસાયટી, સે. ૨૫ દર્શાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં ત્રીજો રાજકીય પક્ષ ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી છે. જેનું નિશાન હોડી ચલાવતો માણસ છે. આ પાર્ટીનું સરનામુ મકાન નં. ૧૫૪, કંસારા ફળી, પેથાપુર, તા. જિ. ગાંધીનગર દર્શાવવામાં આવ્યુ છે.

બે રાજકીય પક્ષો મહેસાણા જિલ્લામાં નોંધાયા છે. જેમાં ભારતીય રાષ્ટ્રવાદી પક્ષ અને રાષ્ટ્ર વિકાસ ઝુંબેશ પાર્ટીનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં સૌથી વધુ પક્ષો નોંધાયેલા છે. આ ઉપરાંત વડોદરા, સુરેન્દ્રનગર, કચ્છ, ભરૂચ, સુરત, વાંસદા-નવસારી, ભાવનગરનો પણ સમાવેશ થાય છે.

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરમાં પણ આપ જનતા અધિકાર પાર્ટી નામનો પક્ષ નોંધાયેલો છે. તેનુ નિશાન કોમ્પ્યુટર છે અને તેનું કાર્યાલય દરબારગઢ રોડ વિજયનગર દર્શાવવામાં આવ્યુ છે.

આ નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષોના નામ પણ જાણવા જેવા છે. અપના દેશ પાર્ટી, અખિલ ભારતીય આપકી અપની પાર્ટી, જનસમુદાય પાર્ટી, વ્યવસ્થા પરિવર્તન પાર્ટી, માનવાધિકાર નેશનલ પાર્ટી, ભારતીય નાગરિક સુરક્ષા પાર્ટી, જન સત્યપથ પાર્ટી, જાગતે રહો પાર્ટી, યુવા સરકાર, યુવા જાગૃતિ દળ, રાષ્ટ્રીય નાગરિક હક પાર્ટી, નવીન ભારત નિર્માણ મંચ, ગરવી ગુજરાત પાર્ટી, મધર લેન્ડ નેશનલ પાર્ટી, જનસંઘર્ષ વિરાટ પાર્ટી જેવા નામો આ પક્ષોના છે.

૨૦૧૫માં યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ૬ રાષ્ટ્રીય પક્ષો, ગુજરાત અને ગુજરાત બહાર નોંધાયેલા ૨ પક્ષો અને ૨૫ રજીસ્ટર્ડ અમાન્ય રાજકીય પક્ષોના ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ હતુ.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઢોલ ઢબુકી ગયા છે અને પક્ષોએ પણ તેમની કવાયત વેગીલી બનાવી દીધી છે. મનપા માટે ૧લી ફેબ્રુઆરીથી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થશે જ્યારે જિલ્લા-તાલુકા અને નગરપાલિકા માટે ૮મી ફેબ્રુઆરીથી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થશે.

# હવે, લગ્નમાં ૨૦૦ની મંજૂરી

**રાજ્યના ૪ શહેરોમાં ૧૫ ફેબ્રુઆરી સુધી રાત્રે ૧૧થી સવારે ૬નો કર્ફ્યુ : માસ્ક-સોશિયલ ડિસ્ટન્સિંગનું ચુસ્ત પાલન કરવાનો આદેશ : ગુજરાત સરકારે સાવચેતીપૂર્વક રાહત આપી**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સહિત દેશમાં કોવિડ-૧૯ સંક્રમણને રોકવા અંગેની ભારત સરકારના ગૃહ મંત્રાલયે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના નિર્દેશો મુજબ તા.૨૭ જાન્યુઆરીએ બહાર પાડેલી માર્ગદર્શિકાનું ગુજરાતમાં પણ ચુસ્તપણે પાલન તા.૧લી ફેબ્રુઆરીથી તા.૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી કરવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. જેની જાહેરાત ગૃહના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે કરી હતી. પંકજ કુમારે સ્પષ્ટ પણે કહ્યું કે, રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આગામી તા.૧૫ ફેબ્રુઆરી સુધી રાત્રિ કરફ્યુનો અમલ રાત્રે ૧૧થી સવારના ૬ વાગ્યા સુધી કરવાનો રહેશે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવે આ અંગેની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, જિલ્લા સત્તાધિકારીઓ-સ્થાનિક સત્તાધિકારીઓએ કોવિડ-૧૯ અંગે યોગ્ય વર્તુણકને ઉત્તેજન આપવા તેમ જ લોકો ચહેરાને યોગ્ય રીતે ઢાંકી રાખે, વારંવાર હાથ ધોવે અને સ્વચ્છ રાખે તેમજ સોશિયલ ડિસ્ટંસિંગનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાના તમામ પગલાં લેવાના રહેશે તથા જરૂરિયાત પડવા પર કેન્દ્ર અને રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની વખતો-વખતની ગાઈડલાઈન ધ્યાનમાં લઈને કાળજીપૂર્વક કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવાના રહેશે. આવા કન્ટેન્મેન્ટ ઝોન જાહેર થયેલા વિસ્તારોમાં જિલ્લા સત્તાધિકારી, પોલીસ તથા સ્થાનિક સત્તામંડળોએ નિયત કન્ટેનમેન્ટ મેઝર્સનું ચુસ્તપણે સમગ્રતયા પાલન કરાવવાનું રહેશે.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવોએ નિયત એસઓપીના ચુસ્તપણે પાલન માટે નિર્ધારીત કરવામાં આવેલા દિશાનિર્દેશોની પણ વિશદ ભૂમિકા આપી હતી.

આ સંદર્ભમાં પંકજકુમારે કહ્યું કે રાજ્યમાં કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તમામ પ્રવૃત્તિઓ પૂર્વવત ચાલુ રાખી શકાશે. પરંતુ કેટલીક પ્રવૃત્તિઓ સંદર્ભે નિયત કરાયેલી એસઓપીનું ચુસ્તપણે પાલન કરવું પડશે. આવી પ્રવૃત્તિ ગતિવિધિઓની વિસ્તૃત વિગતો આપતા તેમણે કહ્યું કે કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા મોટા મેળાવડા સંદર્ભે જે સૂચનાઓનું પાલન કરવાનું છે તેમાં મુખ્યત્વે જે બાબતો આવરી લેવાઈ છે તે મુજબ સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે ઢાંકી રાખવાનો રહેશે. થર્મલ સ્કેનીંગ, ઓસિમીટર સેગ્નેટાઈઝર સાથેની સગવડતા પૂરી પાડવાની તેમજ, સ્ટેજ, માઈક, સ્પીકર અને ખુરશીઓને સમયાંતરે સેનેટાઈઝ કરવાની રહેશે. જયારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે ત્યારે આ પ્રસંગે એસઓપીની બાબતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.



સુકાતું તળાવ - શહેરની શોભા સમાન સેક્ટર-૧નું તળાવ ફરીથી સુકાઈ રહ્યું છે... છેલ્લા દાયકાથી દર ચોમાસામાં છલકાતું તળાવ કાળક્રમે સુકાતું જાય છે... તળાવના નિર્માણમાં કંઈક ખામી રહી ગઈ હોવાથી તળાવ ભરાયેલું રહેતું જ નથી... નવ-નવ વર્ષથી આની ચકાસણી અને તપાસ થાય છે પણ ઉકેલ આવે એ પહેલા પાણી સુકાઈ જાય છે... નગરના પ્રકૃતિ પ્રેમીઓ ઈચ્છે છે કે રાજ્યના અન્ય તળાવો જો છલકાયેલા રહેતા હોય તો આપણા શહેરનું તળાવ કેમ છલોછલ બારે માસ રહેતું નથી... વાદ-વિવાદનો વિષય નથી પરંતુ વિકાસનો વિષય છે, પ્રર્યાવરણનો વિષય છે, પ્રાકૃતિક સૌંદર્યનો વિષય અને વહીવટી તંત્રની ઈચ્છાશક્તિનો વિષય છે... ગાંધીનગર ઈચ્છે છે કે, શહેરના સૌંદર્યના પ્રતિક સમું તળાવ હરહંમેશ છલકાતું રહે...

## રાજ્યમાં વૅક્સીન લેનારાની સંખ્યા ૨ લાખને પાર

ગાંધીનગર,તા.૩૦

કોરોના વૅક્સીન મળી આવ્યા બાદ જીવલેણ વાઈરસ સામેની જંગ નિર્ણાયક તબક્કા પર પહોંચી ચૂકી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોની સંક્રમિતોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ સાથે જ ગુજરાતમાં રસી લેનારા લોકોની સંખ્યા પણ સતત વધી રહી છે. ગુજરાતમાં કોરોનાની મહામારી વચ્ચે આવેલી વૅક્સીનને રાજ્યના બે લાખથી વધુ લોકોએ લઈ લીધી છે. શુક્રવારે ૧૩૦૦થી વધુ વૅક્સીનેશન સેન્ટર્સ પરથી લગભગ ૫૭ હજાર જેટલા કોરોના વૉરિયર્સને આ રસી આપવામાં આવી. સરકારના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર, શુક્રવારે રાજ્યમાં વૅક્સીનેશનનો આઠમો દિવસ હતો. ૧૬ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવેલા રસીકરણ અભિયાન બાદ દિન-પ્રતિદિન વૅક્સીન લેનારા લોકોની સંખ્યા વધતી રહી છે.



પુણ્યતિથિએ પ્રાર્થના... - રાષ્ટ્રપિતા ગાંધી બાપુની પુણ્યતિથિએ સાબરમતી આશ્રમ ખાતે સાંજે ૫.૦૫ મિનિટે પ્રાર્થના સભા યોજાઈ હતી...

# આજથી ફ્રન્ટલાઈન વૉરિયર્સનું વેક્સીનેશન

**રાજ્યના પોલીસ વડા, કલેક્ટર, કમિશનર અને ડીડીઓને વેક્સીનેશન કરી બીજા તબક્કાના અભિયાનનો આરંભ થશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે ૮ સેશન સાઈટ પર ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરમાં આજે ૭૦૦ જેટલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવશે. મહેસુલ, મનપા અને હોમ ડીપાર્ટમેન્ટના કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં આ માટે સાત વેક્સીન સેશન સાઈટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉભી કરવામાં આવી છે.

જ્યારે જિલ્લામાં માણસા ખાતેની ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ ખાતે ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન થશે.

આજે રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયા તેમજ અન્ય પોલીસ અધિકારીઓ ઉપરાંત જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, મ્યુનિ. કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનને વેક્સીન આપી વેક્સીનેશનના બીજા તબક્કાનો આરંભ કરવામાં આવશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ હજારથી વધુ ફ્રન્ટલાઈન વોરિયર્સ રજીસ્ટર્ડ થયા છે જ્યારે શહેરમાં આ સંખ્યા પણ વધુ છે. ત્રણ દિવસ આ ઝુંબેશ ચાલશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ૮૦૦ જેટલા ફ્રન્ટલાઈન વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવનાર છે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. આજે પલ્સ પોલિયો અભિયાન હોવાને કારણે સેશન સાઈટ માટે માત્ર સિવિલ હોસ્પિટલોની જ પસંદગી કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

# ગાંધીનગરમાં ઠંડીનો કહેર થોડોક ઘટ્યો : પારો ૮.૫ ડિગ્રી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં શુક્રવારે રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાયા બાદ આજે થોડીક રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ વધ્યુ હતુ.

હાલમાં સમગ્ર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઠંડીની ગીરફતમાં આવી ગયુ છે. લઘુત્તમ તાપમાન એક તબક્કે ૬.૮ ડિ.સે. જેટલુ ગગડતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ગુરૂવારે સીઝનની રેકોર્ડ બ્રેક ઠંડી પડતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. આકરી ઠંડીની અસર હેઠળ શહેરમાં જાણે સ્વયંભૂ કરફ્યુ લાગ્યો હતો. વસાહતીઓને બે-બે ત્રણ-ત્રણ ગરમવસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. ગોદડામાંથી બહાર નીકળાની કે જમીન પર પગ મુકવાની ઈચ્છા થતી ન હતી. માટલાનું પાણી જાણે ફ્રીજમાંથી બહાર કાઢ્યુ હોય તેવુ ટાઢુ બોળ થઈ ગયુ હતુ. આટલી આકરી ઠંડીથી છૂટકારો મેળવવા કે રાહત મેળવવા તાપણાંનો સહારો લેવો પડ્યો હતો. જો કે આજે લઘુત્તમ તાપમાન થોડુક વધ્યુ હતુ અને ઠંડી ૮.૫ ડિ.સે. નોંધાઈ હતી. ઠંડીમાં સહેજ રાહત મળી હતી. હવામાન વિભાગે હજુ બે-ત્રણ દિવસ ઠંડીનું મોજુ યથાવત રહેશે તેવી આગાહી વ્યક્ત કરી છે.

## ગાંધીનગરની કોર્ટે આશારામ બાપુના વચગાળા જામીન ફગાવ્યા

ગાંધીનગર,તા.૩૦

જોધપુરમાં સગીરા સાથે દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા કાપી રહેલા આશારામ બાપુના અન્ય એક દુસકર્મ કેસમાં ગાંધીનગરની કોર્ટ દ્વારા વચગાળા જામીન ફગાવી દેવામાં આવ્યા છે. આશારામ બાપુ દ્વારા તેમની પત્નીની હાર્ટ સર્જરી કરવાની હોવાથી વચગાળાના જામીન મંગયા હતા. નોંધનીય છે કે નારાયણ સાંઈ ૭૭ વર્ષીય માતાની ૧લી ફેબ્રુઆરીએ હાર્ટની સર્જરી હોવાથી ગુજરાત હાઈકોર્ટે આશારામના બાપુના પુત્ર નારાયણ સાંઈના ૩ દિવસના વચગાળા જામીન મંજુર કર્યા હતા.

ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું હતું કે નારાયણ સાંઈ આ ત્રણ દિવસના સમયગાળા દરમિયાન સુરત કે અમદાવાદના આશ્રમમાં જઈ શકશે નહિ. આ વચગાળાના સમય દરમિયાન તેમને માત્ર તેમની માતાની હોસ્પિટલમાં મુલાકાત કરી શકશે. સુરતની બે બહેનો પૈકી મોટા બહેન દ્વારા દાખલ કરાયેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આશારામ બાપુએ વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૬ સુધીના સમયગાળામાં અમદાવાદના મોટેરમાં આવેલા તેમના આશ્રમમાં દુષ્કર્મ કર્યો હતો.

# જિલ્લામાં કોરોનાના ૭ કેસ

**વધુ ૬ને ડિસ્ચાર્જ અપાયું : અડાલજમાં બે સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા : સે. ૯ માં બે કેસ ઉપરાંત સે. ૧૨ અને ૨૬ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૭ કેસ નોંધાયા છે. જેમાં શહેરમાંથી ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાંથી જ કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સહિતની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી બે કેસ અને ઉવારસદ ગામેથી એક કેસ મળેલ છે. અડાલજમાંથી ૬૦ વર્ષીય ગૃહીણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૯૯૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩૫૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાના કેસોનો ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં આજે ૪ દર્દીઓ નોંધાયા છે.

શહેરમાં આજે સે. ૯ માંથી ૨ ઉપરાંત સે. ૧૨ અને સે. ૨૬ માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. આજે પણ વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં હાલ ૮૦ થી ઓછા એક્ટીવ કેસ સારવાર હેઠળ હોવાથી તંત્રને રાહત છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com